# લેબો.આસીસ્ટન્ટની ભરતી માટેની જરૂરી સૂચનાઓ

## શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા :

લેબો.આસિસ્ટન્ટ : કોઇપણ માન્ય યુનીવર્સીટીમાંથી સ્નાતક પરીક્ષા પાસ

વય મર્યાદા : 20 થી 35 વર્ષ

## ભરતીના નિયમો :

1. સમગ્ર ભરતી પ્રક્રિયા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના વખતો વખતના નિયમ અનુસાર કરવામાં આવશે.
2. કોમ્પુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી અને સરકારમાન્ય સંસ્થામાંથી CCC પાસ કરેલ હોવી જોઇએ
3. ગુજરાતી-હિન્દી-અંગ્રેજી ત્રણેય ભાષાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.
4. રાજ્ય સરકારના વખતોવખતના નિયમ અનુસાર વય મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.
5. હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ અરજી સાથેની સંસ્થાની એન.ઓ.સી જોડવાની રહેશે.
6. નિમણુંક પામનાર ઉમેદવારને આપેલ નિમણુંક પત્રમાં દર્શાવેલ એન.ઓ.સી અનુસાર તથા અન્ય તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.
7. ઉમેદવારોએ અરજીપત્રના કવર ઉપર લેબોરેટરી આસિસ્ટન્ટ માટેની અરજી વંચાય તે રીતે લખવાનું રહેશે.
8. પરીક્ષાના પ્રશ્નપત્ર નું માળખું કોલેજની વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ છે.

# પરીક્ષા અંગેની સૂચનાઓ :

## લેબો. આસિસ્ટન્ટ પાર્ટ – A કોમન પ્રીલીમીનરી પરીક્ષા માટેનું માળખું

## સમય – 1 કલાક (૬૦ મિનીટ)

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 1 | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ ગુણ |
| 2 | ગાણિતિક કસોટીઓ | ૩૦ ગુણ |
| | કુલ.... | ૬૦ ગુણ |

## લેબો. આસિસ્ટન્ટ પાર્ટ – A કોમન પ્રીલીમીનરી પરીક્ષા માટેનું માળખું

## સમય – 2 કલાક (૧૨૦ મિનીટ)

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 1 | બંધારણ, વર્તમાન પ્રવાહો, અંગ્રેજી અને ગુજરાતી કોમ્પ્રીહેનસન | ૩૦ ગુણ |
| 2 | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ ગુણ |
| | કુલ.... | ૧૫૦ ગુણ |

નોંધ : અભ્યાસક્રમની વિષય વસ્તુ નિયત કરેલી શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

૧. હેતુલક્ષી પ્રશ્નોમાં બહુ વિકલ્પવાળા પ્રશ્નો પૂછવામાં આવશે.

૨. દરેક પ્રશ્ન એક માર્કસનો રહેશે.

૩. **દરેક પ્રશ્નના પ્રયાસ સંદર્ભે ખોટા જવાબ માટે નકારાત્મક માર્ક્સ ૦.૨૫નો રહેશે.**

૪. **દરેક પ્રશ્નમાં પ્રયાસ ન કરવાનો E વિકલ્પ હશે જો ઉમેદવાર જવાબ આપવાનો ઈરાદો ન ધરાવતો હોય તો તે E વિકલ્પ પસંદ કરી શકે છે જો ઉમેદવાર આ વિકલ્પ E પસંદ કરે તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.**

૫. **જો પરીક્ષાર્થીએ એકપણ વિકલ્પ પસંદ કરેલ ન હશે તો ૦.૨૫નું નકારાત્મક ગુણ પ્રશ્નદીઠ થશે.**

૬. **પરીક્ષાની તારીખ, સમય અને અન્ય સૂચનાઓ કોલેજની વેબસાઈટ પર મૂકવામાં આવશે.**

**જો ઉમેદવાર પાર્ટ – A કોમન પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામમાં પ્રથમ ૭ ઉત્તીર્ણ થનાર ઉમેદવારને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમોને આધીન ૧ : ૭ ના પ્રમાણમાં પાર્ટ – Bની મુખ્ય પરીક્ષામાં બોલાવવામાં આવશે.**